


(તસવીર : દિપક જાની)

ગુરૂ ઉત્સવ - દેશભરમાં શિક્ષક દિનને ગુરૂ ઉત્સવ તરીકે ઉજવણી કરવાનો પ્રધાનમંત્રીના અનુરોધના પગલે શુક્રવારે, ૫મી સપ્ટેમ્બરે, મહાત્મા મંદિર ખાતે રાજયના એવૉર્ડ વિજેતા શ્રેષ્ઠ શિક્ષકોની વિદ્યાર્થીઓ દ્વારા આરતી ઉતારાઈ હતી. રાજયના ૩૩ શ્રેષ્ઠ શિક્ષકોને રાજયપાલ અને મુખ્યમંત્રીના હસ્તે પારિતોષિકો એનાયત કરાયા હતા. અત્રે ઉલ્લેનીય છે કે, જાણીતા કવિ અને સનદી અધિકારી ભાગ્યેશ જહા દ્વારા રચિત આરતીનું ગાન કરાયું હતું. જેમાં ગુરૂનો મહિમા સંસ્કૃતિમાં ઉચ્ચસ્થાને છે અને શિક્ષકનું સન્માન જાળવવા આપણી પરંપરા જળાવાય એવો ભાવ ફલિત થાય છે...

# રાજયના ૩૩ શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એનાયત

## શ્રેષ્ઠ શિક્ષકો શાળા આંગણવાડી દત્તક લઈ ઉત્તમ શિક્ષક અને આદર્શ વિદ્યાર્થીનું ઘડતર કરે : મુખ્યમંત્રી : શિક્ષકોને શિક્ષક હોવાનું સ્વાભિમાન હોવું જોઈએ : રાજયપાલ : શિક્ષક દિનની ઉજવણી અન્વયે મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો

ગાંધીનગર, તા.૫

શિક્ષક દિનની ઉજવણીના અવસરે રાજયના ૩૩ શ્રેષ્ઠ શિક્ષકોને મુખ્યમંત્રીના હસ્તે પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. આ તબક્કે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે શ્રેષ્ઠ શિક્ષકોને શાળા આંગણવાડીઓ દત્તક લઈ ઉત્તમ શિક્ષક અને આદર્શ વિદ્યાર્થીઓનું ઘડતર કરવા આહવાન કર્યું હતું. શ્રેષ્ઠ શિક્ષકોમાં ગાંધીનગરના બે શિક્ષકોનો પણ સમાવેશ થતા નગરના શિક્ષણ આલમે ગૌરવની લાગણી વ્યકત કરી છે.

શિક્ષક દિવસની ગરિમા પૂર્ણ ઉજવણીના અવસર નિમિત્તે આજે મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીએ રાજયના ૩૩ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કર્યા હતા. રાજયકક્ષાના શિક્ષક દિવસ સમારોહ નિમિત્તે અને મુખ્યમંત્રીએ રાજયની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે સેટેલાઈટ ટેકનોલોજીના માધ્યમથી શૈક્ષણિક વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી કરી હતી. શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી સન્માનિત શિક્ષકોને ગુણવત્તાયુકત શિક્ષણ દ્વારા આદર્શ વિદ્યાર્થીના ઘડતર માટે એક એક શાળા અને આંગણવાડી દત્તક લેવાનું આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે શ્રેષ્ઠ શિક્ષકોએ પોતાના વિસ્તારની એક પ્રાથમિક શાળા દત્તક લઈને શ્રેષ્ઠ શિક્ષણ-આદર્શ વિદ્યાર્થીનું ઘડતર કરવા પણ ઉમેર્યું હતું. આ ઉપરાંત આંગણવાડી દત્તક લઈને કુપોષિત બાળકોને પોષણયુકત બનાવવાના અભિયાનમાં સહયોગ કરવા અને પ્રારંભિક સ્તરેથી જ શિક્ષણ સુધારવા માટે અપીલ કરી હતી. રાજયપાલ ઓ.પી. કોહલીએ પણ આ તબક્કે જણાવ્યું હતું કે શિક્ષણ એક એવું મુલ્યવાન માધ્યમ છે જેના થકી રાષ્ટ્રનિર્માણના ધ્યેયને પૂર્ણ કરી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે શિક્ષક એ જ્ઞાનનો ભંડાર છે શિક્ષકોને શિક્ષક હોવાનું સ્વાભિમાન હોવું જોઈએ. તેઓ કેવળ વેતન મેળવતા કર્મચારી નથી. તેઓએ રાષ્ટ્રના નિર્માણના કાર્યમાં સહયોગીની એક સબળ ભૂમિકા અદા કરવાની છે. તેમણે શ્રેષ્ઠ શિક્ષકોના સન્માન કરવાના સરકારના ઉમદા કાર્યની પ્રસંશા કરી હતી.

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ આ તબક્કે જણાવ્યું હતું કે આજે એક સમયનો પૂજનીય એવો ગુરૂ-શિષ્યનો સંબંધ શિક્ષક વિદ્યાર્થીનો થયો છે. આજે આપણે આ સંબંધ પુનઃ ગુરૂ-શિષ્યમાં પરિવર્તિત કરવાનો છે. આ માટે ગુણવત્તાયુકત અને સમાજની જવાબદારી પૂર્ણ કરી શકે તેવું શિક્ષણ મળવું જોઈએ. શિક્ષણની સાથે સાથે સંસ્કાર પણ મળવા જોઈએ.

શિક્ષણમંત્રીએ રાજયમાં ૧૦૦ ટકા નામાંકન અને શૂન્ય ટકાનો ડ્રોપ આઉટ રેટ સિધ્ધ કરવાનો સંકલ્પ વ્યકત કરી રાજય પુરસ્કાર પ્રાપ્ત કરનાર ૩૩ શિક્ષકોને તથા રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરનાર રાજયના શિક્ષક સર્વશ્રી સુનીતાબહેન ભટ્ટ, હેમંતકુમાર શર્મા તથા ઉષાસિંહ તોમરને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ટેકનીકલ શિક્ષણ રાજમયંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદી, શિક્ષણ રાજયમંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી આર.સી. રાવલ, શિક્ષકો મહાનુભાવો તથા સન્માન પ્રાપ્ત શિક્ષકોના પરિવારજનો-વિદ્યાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીએ શિક્ષક કલ્યાણ નિધિમાં ફાળો અર્પણ કર્યો

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે આજે શિક્ષક દિવસ-૨૦૧૪ પ્રસંગે ગુરુજનોના ઋણસ્વીકાર રૂપે શિક્ષક કલ્યાણ નિધિમાં પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. આ તબક્કે ગાંધીનગરની શાળાના વિદ્યાર્થીનીઓ-વિદ્યાર્થીઓ મુખ્યમંત્રીના નિવાસસ્થાને આવ્યા ત્યારે આનંદીબહેને સ્વયં શિક્ષક સહજ ભાવથી પોતાનો ફાળો અર્પણ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર રવિશંકર, જિલ્લા પોલીસ અધિક્ષક શરદસિંઘલ અને જિલ્લા શિક્ષણાધિકારી બારડ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને પુષ્પાંજલિ અર્પણ કરી

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે આજીવન શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૨૭મી જન્મતિથી નિમિત્તે આજે તેમના તૈલચિત્રને



(તસવીર : દિપક જાની)

વિધાનસભા પોડિયમમાં પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ મંગુભાઈ પટેલ તેમજ વિધાનસભા સચિવાલયના કર્મયોગીઓ-અધિકારીઓએ પણ આ અવસરે ડૉ. રાધાકૃષ્ણનને આદરાંજલિ અર્પણ કરી હતી.

# શેઠ સી.એમ. હાઈસ્કુલના બે શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ

## આચાર્ય બચુભાઈ પટેલ અને નટુભાઈ લાડાણીને શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક એનાયત કરાયો

ગાંધીનગર, તા.૫

શિક્ષક દિન નિમિત્તે આજે મુખ્યમંત્રી તેમજ રાજયપાલના હસ્તે રાજયના ૩૩ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક એનાયત કરવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરના બે શિક્ષકોને પણ શ્રેષ્ઠ શિક્ષકના



એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ગાંધીનગરના સે-૨૩ સ્થિત કડી કેમ્પસ હાઈસ્કૂલના આચાર્ય બચુભાઈ કચરાભાઈ પટેલને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. એમ.એસ.સી. બી.એડ.ની ડીગ્રી મેળવ્યા બાદ બચુભાઈએ શિક્ષક તરીકે કારકીર્દીની શરૂઆત કરી હતી. જયારે હાલ તે નગરની પ્રતિષ્ઠિત શાળા શેઠ સી.એમ. હાઈસ્કુલમાં હાયર સેકન્ડરી વિભાગના આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેમણે વર્ષ ૧૯૮૬ થી ૨૦૦૦ સુધી અખિલ આંજણા કેળવણી મંડળ પાટણ ખાતે શિક્ષક તરીકે કામગીરી કરી હતી. જયાં તેમણે પરિણામ સુધારણા માટે ઉત્તમ પ્રયાસો હાથ ધર્યા હતા. આ ઉપરાંત સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિમાં પણ આગવું યોગદાન પ્રદાન કર્યું છે. અગાઉ એકલવ્ય એજયુકેશન સંસ્થા દ્વારા પણ વર્ષ ૨૦૧૩માં તેમને 'એકસેલન્ટ ઈન્સ્ટીટયુટ બિલ્ડર એવોર્ડ' પ્રાપ્ત થયો હતો જયારે વર્ષ ૨૦૦૮-૦૯માં જિલ્લામાં શ્રેષ્ઠ શાળા એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત ૧૯૯૯માં ગણિત વિષયના પાઠયપુસ્તકમાં સમીક્ષક તરીકેની કામગીરી તેમણે કરી છે. તેમની શાળાએ છેલ્લા ૧૦ વર્ષમાં ૯૫ ટકાની આસપાસ પરિણામ મેળવ્યું છે. આ ઉપરાંત સે-૨૩ કડી કેમ્પસની શેઠ સી.એમ. હાઈસ્કુલમાં ફરજ બજાવતા શિક્ષક નટવરભાઈ વિઠ્ઠલભાઈ લાડાણીને પણ આજે શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા નટુભાઈએ ૧૯૮૨માં પી.જી. પૂર્ણ કર્યા બાદ જીપીએસસીની પી.એસ.આઈ. અને આર.એફ.ઓ.ની પરીક્ષા પાસ




કરી હોવા છતાં શિક્ષક તરીકેની નોકરી સ્વીકારી છે. શિક્ષક તરીકે અનેક વિદ્યાર્થીઓની ડોકટર્સ, એન્જિનિયર્સ અને આઈ.એ.એમ.ની કારકીર્દી ઘડીને આત્મસંતોષનો અનુભવ કર્યો છે. તેમણે ભૂકંપ અને કારગીલ યુદ્ધના કપરા સમયમાં મુખ્યમંત્રીના રાહતફંડમાં ફાળો જમા કરવાનું ઉમદા કામ પણ કર્યું છે. માધ્યમિક શિક્ષણ બોર્ડમાં પરિક્ષક, સમીક્ષક અને ફલાઈંગ સ્કવોર્ડની કામગીરી પણ કરી છે આ ઉપરાંત સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિમાં પણ યોગદાન પુરું પાડયું છે.



(તસવીર : દિપક જાની)

## બેસણું



અમારા પિતાશ્રી **દિનકરરાય (દિનુભાઈ) ગોબરદાસ રાવલ** (માજી પ્રમુખ, પ્રા.શિ. સંઘ/નિવૃત્ત મુ.શિ.) તા. ૪/૯/૨૦૧૪ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરૂં. **સદ્‌ગતનું બેસણું તા. ૭/૯/૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૧૧ થી ૩ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સુતક : તા. ૧૨/૯/૨૦૧૪ને શુક્રવારના રોજ રાખેલ છે.

સ્થળ : ૫૨, ગજાનંદ સોસાયટી, સ્વામી નારાયણ નગર પાછળ, એપ્રોચ રોડ, મુ.પો. પ્રાંતિજ, જી. સાબરકાંઠા. મો. : ૯૮૨૫૦૫૨૮૩૫

લિ.

**અરવિંદભાઈ દિનકરરાય રાવલ**
**જગદીશભાઈ દિનકરરાય રાવલ**
**સુમનચંદ્ર દિનકરરાય રાવલ (હિંમતનગર)**
**તપેન્દ્રકુમાર મંગળદાસ રાવલ**

## બેસણું



શ્રી પી.બાલાજી રામારાવ તારીખ ૩-૦૯-૨૦૧૪ના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૬-૦૯-૨૦૧૪ને શનિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે તેમના નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : દુર્ગા રેફ્રીજરેશન વર્કસ, બી-૧૧૦, ઈલેક્ટ્રોનીક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર.

રાધાબેન (પત્ની) લિ. શ્રી નિવાસ (શેનુ), બોબી
મધુ, જોસની તથા સમસ્ત બાલાજી પરિવાર

# ધોળાકુવા મર્ડર કેસના શકમંદે પોતાના લાઈ ડીટેકશન ટેસ્ટ માટે મુદત માંગી

## શકમંદ રમેશ ઓડે પોલીસના ટોર્ચરીંગ અંગે હાઈકોર્ટમાં ફરીયાદ કરી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના ચકચારી ધોળાકુવા મર્ડર કેસમાં શકમંદ રમેશ ઓડના લાઈ ડીટેકશન ટેસ્ટ કરવા માટે ગાંધીનગર કોર્ટમાં તપાસ અધિકારીએ માંગણી કરી છે. જેની રમેશ ઓડે મુદત માંગી છે તો બીજી તરફ પોલીસના ટોર્ચરીંગ અંગે રમેશ

● અનુસંધાન પાન-૭ પર

રાજયના 'શ્રેષ્ઠ શિક્ષક'ના એવોર્ડ માટે

# અભિનંદન



અમારા જીવન ઘડતરના શિલ્પી
શ્રી નટવરભાઈ લાડણી (નટુસર)ને
૨૦૧૪ના 'શ્રેષ્ઠ શિક્ષક' એવોર્ડ પ્રાપ્ત થતાં
ગુરૂજીને કોટિ કોટિ વંદન સહ અભિનંદન

શુભેચ્છકો
(શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે.૨૩
૧૯૮૫ની ધોરણ-૧૦ બેચ)

| | | |
|---|---|---|
| કાર્તિક પટેલ | વત્સલ વોરા | ડો. નિતેશ શાહ |
| દર્પણ બુચ | વિપુલ પટેલ | હિમાંશુ ચાવડા |
| કલમેશ શ્રીમાળી | રાકેશ દવે | હિતેશ ફલદુ |
| ડો. અંજના સોની | ડો. પરાગ શાહ | રાજેશ કોઠારી |
| સમીર સુશીલ | જીજ્ઞેશ જાની | મમતા બુચ |
| બકુલ જોષી | ચંદ્રભાણ ગઢવી | હરેશ પટેલ |
| | ધર્મેન્દ્ર દોશી | |

હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરું છું, જેમાંથી વિદ્યાર્થી શીખે. - આલ્બર્ટ આઈન્સ્ટાઈન

# શાકભાજી રાંધતા પહેલા બરાબર ધોઈ નાંખજો નહીંતર બિમારીનો ભોગ બનશો

## ગાંધીનગરના સે. ૨૪માં આવેલ શાકભાજીના મુખ્ય હોલસેલ માર્કેટમાં ગંદકીનો માહોલ : વરસાદી પાણીના ભરાવાથી રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ : હોલસેલમાં ખરીદેલા શાકભાજી કાદવ કીચડમાં મુકાય છે

ગાંધીનગર, તા. ૫

શું આપ શાકભાજી ખાઓ છો ? જો શાકભાજી ખાઓ છો તેને રાંધતા પહેલા બરાબર ધોવો છો ? જો ના શાકભાજીને પહેલા સારી રીતે ધોઈ સ્વચ્છ કરીને પછી ના રાંધતા હોવ તો આજથી ચેતી જજો. તાજેતરમાં પડેલા વરસાદના કારણે નગરના મુખ્ય હોલસેલ શાકમાર્કેટમાં ગંદકીના ઢગ ખડકાયા છે અને વેપારીઓ દ્વારા આ ગંદકીમાં જ શાકભાજી મુકીને વેપાર કરવામાં આવી રહ્યો છે. જાહેર આરોગ્યની દૃષ્ટિએ ખૂબ જ જોખમી ગણાતી આ બાબતે તંત્ર પણ સજાગ જણાયુ નથી.

ગાંધીનગરના સેક્ટર-૨૪ માં આવેલ હોલસેલ શાકમાર્કેટમાં અને તેની આસપાસના સમગ્ર મેદાનમાં વરસાદના કારણે કાદવ-કીચડ અને ગંદકીનો માહોલ સર્જાયો છે અને આ ગંદકીના કારણે રોગજન્ય જીવ જીવજંતુઓ તેમજ જીવાતોનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે. સે. ૨૪ નું આ શાકમાર્કેટ નગરમાં શાકભાજીની આવકનું મુખ્ય મથક છે જયાં જિલ્લાભરમાંથી ખેડૂતો તેમની શાકભાજીનો પાક વેચવા આવે છે. અહીંથી નગરના અન્ય શાકમાર્કેટના વેપારીઓ અને લારીવાળાઓ હોલસેલમાં ખરીદી કરીને છુટક વેચાણ કરવા લઈ જાય છે. એટલે સમગ્ર નગરમાં લગભગ મોટાભાગની શાકભાજી આ શાકમાર્કેટમાંથી



(તસવીર : સમીર રામી)

ખરીદાઈને આવે છે.

સેક્ટર-૨૪ ના આ શાકમાર્કેટની આસપાસ ખુલ્લુ

● અનુસંધાન પાન-૭ પર




**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

# જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com